## ધોળકાના મે.પ્રિન્સીપાલ સીનીયર સીવીજ જજ અને એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ( શ્રી એન.બી.મુનશી) સાહેબની કોર્ટ, ધોળકા

**ફોજદારી કેસ નં. 3838/2025**

ફરીયાદી :- **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

આરોપી :- **(૧) અનિષભાઇ ઉસ્માનભાઇ વ્હોરા**
**(૨)અકરમભાઇ સાબિરભાઇ મલેક**
**(૩) મનોજભાઇ પ્રેમજીભાઇ ઠાકોર**
**(૪) દશરથભાઇ નટુભાઇ વાઘેલા**
**(૫) હીરેન્દ્રભાઇ હનુમાનભાઇ જયસ્વાલ**
**(૬) નિતીનભાઇ ચંદુભાઇ મિસ્ત્રી**
**(૭) મનીષભાઇ રાજેન્દ્રભાઇ મેર**

**ગુનો : જુગાર ધારાની કલમ-૧૨ મુજબનો**

**-:ચુકાદો:-**

૧) ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓએ જાહેરમાં પૈસા પાના વડે ત્રીન પત્તીનો હારજીતનો જુગાર રમી રમાડી રેડ દરમ્યાન પૈસા અને પાના સાથે પકડાઈ જઈ **જુગાર ધારાની કલમ-૧૨** મુજબનો ગુનો કરેલ છે.

૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીઓને પોલીસ પેપર્સની નકલ આપ્યાં બાદ આરોપીઓની પ્લી ગુના સબબ નોંધતા આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

૩) આરોપીઓએ ગુનનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોઈ આરોપીઓએ અદાલત સમક્ષ પારાવર પસ્તાવો વ્યકત કરેલ હોઈ ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રરી આપતાં હોઈ આ કામના આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોઈ આરોપીને સજા કરવી જોઈએ તેમ માનું છું. પરંતુ

આરોપીઓની ઉંમર તથા રજુઆતો તથા રજુ રાખેલ કબુલાત પુરસીસ વંચાણે લેતાં આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતોને લક્ષમાં લેતાં તેમજ ન્યાયમુર્તિ ડૉ.જે.એન.ભટ્ટ સાહેબ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમીનલ અપીલ નં .૪૭૭/૨૦૦૨ વિગેરે) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં આ કામના આરોપીઓને હાલના ગુના સબબ કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોઈ દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીની સામેના ગુનાને લક્ષમાં લેતા અર્ધ ગ્રામ્ય વાતાવરણમાં પક્ષકારોમાંથી આવતા હોઈ આવા પ્રકારના સંજોગોમાં રજુઆતને લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

આરોપીઓએ બી.એન.એસ.એસ ની કલમ-૨૭૫ મુજબ જુગાર ધારાની કલમ-૧૨ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૨૫૦/-(બસો પચાસ રૂપિયા પુરા) દંડ કરવામાં આવે છે. દંડ કસુર બદલ આરોપીને દિવસ- ૩(ત્રણ) સાદી કેદ ભોગવવી. **<u>કુલ દંડ . ૧૭૫૦ /- વસુલ કરવા.</u>**

મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવેલ રોકડ રકમ સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ જુગારના સાહિત્યનો નાશ કરો. આરોપીના બેલ બોન્ડ રદ કરવા.

**હુકમ આજ રોજ નેશનલ લોક અદાલતમા તા. ૧૪ માહે માર્ચ સને ૨૦૨૬ ના જાહેર કર્યો.**

તારીખ: ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ: ધોળકા

(એન.બી.મુનશી)
પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ અને
એડી.ચીફ.જયુ.મેજી,ધોળકા